# ગાંધીનગરમાં યમરાજાના ધામા

# નવા વર્ષના પ્રથમ દસ દિવસમાં ૧૦૭ કોરોનાગ્રસ્તોના અંતિમ સંસ્કાર

**બુધવારે સાંજે સિવિલ હોસ્પિટલથી એક જ શબવાહિનીમાં એક સાથે ચાર મૃતદેહો મુક્તિધામ લઈ જવાતાં મૃત્યુનો મલાજો પણ ન જળવાયો : શહેરમાં વધતા સંક્રમણ અને મૃત્યુદરથી ભારે ચિંતા**

ગાંધીનગર, તા. ૨૬

ગઈકાલે સાંજે સિવિલ હોસ્પિટલમાંથી એક જ શબવાહિનીમાં ચાર મૃતદેહ મુક્તિધામ લઈ જવાની ખબરથી ભારે ચકચાર મચી જવા પામી છે. વધતા જતાં મૃત્યુદરને પગલે ઘાંગુ બનેલુ તંત્ર હવે મૃત્યુનો મલાજો રાખવાનું પણ ટાળે છે. મૃત્યુના આંકડા છુપાવવાની લ્હાયમાં અગ્નિસંસ્કાર માટે અપાતા મૃતદેહ છાનેછપને પરિવારજનોને સોંપવાની તંત્રની નવી ચાલ સામે ભારે આક્રોશ ફેલાયો છે. સરકાર ભલે આંકડા છુપાવે પરંતુ હવે છાપરે ચઢીને ચર્ચા ચાલે છે કે ગાંધીનગરમાં કોરોના ખતરનાક સ્થિતિએ પહોંચ્યો છે. હા, તંત્ર બચાવ કરે છે કે સિવિલ હોસ્પિટલમાં આસપાસ વિસ્તારમાંથી મોટા પ્રમાણમાં દર્દીઓ સારવાર માટે આવે છે એ દાવામાં દમ છે પણ સિવિલ હોસ્પિટલમાં મૃત્યુનો દર ચિંતાજનક સ્થિતિએ પહોંચ્યો છે.

નવા વર્ષના પ્રારંભથી આજ સુધી અર્થાત પ્રથમ દસ દિવસથી યમરાજાએ ગાંધીનગરમાં ધામા નાંખ્યા હોય તેમ ૧૦૭ કોરોનાગ્રસ્ત દર્દીઓના મૃતદેહોનો

● અનુસંધાન પાન-૭ પર

| તારીખ | અંતિમ સંસ્કાર |
|---|---|
| ૧૬ નવે. | ૯ |
| ૧૭ નવે. | ૧૬ |
| ૧૮ નવે. | ૮ |
| ૧૯ નવે. | ૧૧ |
| ૨૦ નવે. | ૯ |
| ૨૧ નવે. | ૧૩ |
| ૨૨ નવે. | ૧૨ |
| ૨૩ નવે. | ૧૦ |
| ૨૪ નવે. | ૧૦ |
| ૨૫ નવે. | ૯ |




**ચાહે સંકટને મુજે ઘેરા હો, ચાહે ચારોં ઓર અંધેરા હો, પર મન ના ડગમગ મેરા હો, રહે ધ્યાન તુમારે ચરણોમેં**


પાટનગરનું પોતાનું અખબાર

# ગાંધીનગર સમાચાર

Gandhinagar વર્ષ : (૩૫) અંક નં. ૨૫૬ | ૨૭ નવેમ્બર, ૨૦૨૦, શુક્રવાર; કારતક સુદ - ૧૩ | પાનાં - ૮ કિંમત રૂ. ૨.૦૦


# ખેડૂતોનું દિલ્હી ચલો આંદોલન ઉગ્ર બન્યું

**કૃષિ કાયદાના વિરોધમાં ખેડૂતો રસ્તા પર ઉતર્યા : બેરિકેડ ફેંકાયા : હરિયાણા બોર્ડર પર સ્થિતિ તંગ : દિલ્હી-ફરિદાબાદ બોર્ડર પર પોલીસ ફોર્સ ઉપરાંત CRPFની 3 બટાલિયન તૈનાત**

નવી દિલ્હી, તા. ૨૬

કૃષિ કાયદાના વિરોધમાં પંજાબ-હરિયાણાના ખેડૂતોએ ૨૬થી ૨૮ નવેમ્બર સુધી દિલ્હી માર્ચની શરૂઆત કરી છે. ગુરુવારે સવારે હરિયાણાની સીમા પર ખેડૂતોનું પ્રદર્શન ઉગ્ર બન્યું હતું. જ્યાં ખેડૂતોએ બેરિકેડિંગ ઉખાડી ફેંક્યા હતા. જે બાદ ખેડૂતો પર વોટર કેનન અને ટિયરગેસનો ઉપયોગ કરીને વિખેરવાનો પ્રયાસ કરવામાં આવ્યો હતો.

આ અંગે દિલ્હીના મુખ્યમંત્રી અરવિંદ કેજરીવાલે પ્રતિક્રિયા આપી હતી. તેમણે ટ્વિટ કરીને કહ્યું હતું કે, કેન્દ્ર સરકારના ત્રણ કાયદા ખેડૂત વિરોધી છે. આ કાયદા પરત ખેંચવાને બદલે ખેડૂતોને શાંતિપૂર્વક પ્રદર્શન કરવાથી રોકવામાં આવી રહ્યાં છે. તેમની પર વોટર કેનનનો ઉપયોગ થઈ રહ્યો છે. ખેડૂતો પર આ






અત્યારચાર બિલકુલ ખોટું છે. શાંતિપૂર્વક પ્રદર્શન તેમનો બંધારણીય અધિકાર છે.

કોંગ્રેસ નેતા પ્રિયંકા ગાંધીએ ખેડૂતોના આંદોલન પર ટ્વીટ કરતાં લખ્યું કે, ખેડૂતોથી સમર્થન મૂલ્ય છીનવી લેનારા કાયદાના વિરોધમાં ખેડૂતોની વાત સાંભળવાને બદલે ભાજપ સરકાર તેમની પર ઠંડીમાં પણ પાણીનો મારો ચલાવી રહી છે. ખેડૂતોથી બધું છીનવી લેવામાં આવી રહ્યું છે અને મૂડીવાદીઓને થાળી પીરસીને બેંક, લોનમાફી, એરપોર્ટ, રેલવે સ્ટેશનો વહેંચવામાં આવી રહી છે. દિલ્હી-ફરિદાબાદ બોર્ડર પર પોલીસ ફોર્સ ઉપરાંત સીઆરપીએફની ૩ બટાલિયન તહેનાત કરવામાં આવી છે. હોમગાર્ડના જવાનો પણ તહેનાત છે. સીનિયર ઓફિસર

● અનુસંધાન પાન-૭ પર

# ઈન્ટરનેશનલ ફ્લાઈટ્સ પર ૩૧ ડિસેમ્બર સુધી પ્રતિબંધ

**ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશને 30 નવેમ્બર સુધી પ્રતિબંધ લગાવ્યો હતો, ૭મી વખત પાબંદી લંબાવાઇ**

નવી દિલ્હી, તા. ૨૬

દેશમાં કોરોનાના વધતા કેસોને જોતા ડાયરેક્ટર જનરલ ઓફ સિવિલ એવિએશનએ ભારતમાં કોમર્શિયલ ઈન્ટરનેશનલ ફ્લાઈટસની અવરજવર પર પ્રતિબંધ ૩૧મી ડિસેમ્બર સુધી લંબાવી દીધો છે. જો કે આ દરમ્યાન વંદે ભારત મિશનની અંતર્ગત ચાલતી ખાસ ફ્લાઈટસ ચાલુ રહેશે. આની પહેલાં ડીજીસીએએ ઈન્ટરનેશનલ ફ્લાઈટ પર ૩૦મી નવેમ્બર સુધી પ્રતિબંધ વધારવાનો આદેશ આપ્યો હતો. શેડ્યુલ કોમર્શિયલ ઈન્ટરનેશનલ ફ્લાઈટસ પર ૭મી વખત પ્રતિબંધ લંબાવી દેવાયો છે.

દેશમાં કોરોના મહામારીનું સંકટ હજી પણ ચાલુ છે. આ વર્ષે ૨૩ માર્ચથી કોમર્શિયલ આંતરરાષ્ટ્રીય ઉડાન પર પ્રતિબંધ લગાવી દેવામાં આવ્યો છે. ત્યારે ડોમેસ્ટિક ફ્લાઈટની સેવાઓને પણ બંધ કરી દેવામાં આવી હતી. પરંતુ ૨૫ મેથી ડોમેસ્ટિક ફ્લાઈટની સેવા ફરી શરૂ કરી દેવામાં આવી હતી.

કોરોના વાયરસ મહામારીની ધ્યાનમાં રાખીને ભારતમાં ૨૩ માર્ચથી આંતરરાષ્ટ્રીય ઉડાન બંધ કરી દેવામાં આવી છે.

# કાશ્મીરમાં આતંકી હુમલામાં બે જવાન શહીદ

**જમ્મુના પરિમ્પુરામાં ક્વિક રિસ્પોન્સ ટીમ પર હુમલો : સેનાએ વિસ્તારને ઘેરીને સર્ચ ઓપરેશન શરૂ કરી દીધું**

શ્રીનગર, તા. ૨૬

શ્રીનગરના બહારના વિસ્તાર પરિમ્પુરામાં ગુરુવારના ક્વિક રિસ્પોન્સ ટીમ પર આતંકવાદીઓના હુમલામાં ૨ સુરક્ષા કર્મચારીઓ શહીદ થઈ ગયા છે. પોલીસના એક અધિકારીએ જણાવ્યું કે આતંકવાદીઓએ પરિમ્પુરા વિસ્તારના ખુશીપુરામાં સુરક્ષાદળો પર ગોળીઓ વરસાવી. સુરક્ષાદળોએ વિસ્તારને ઘેરીને આતંકવાદીઓને શોધવા માટે સર્ચ ઑપરેશન શરૂ કરી દીધું છે.

ઘટના પર કાશ્મીરના આઈજીએ કહ્યું કે ત્રણ આતંકવાદીઓએ સેનાના જવાનો પર ગોળીબાર કર્યો, જેમાં ગંભીર રીતે ઘાયલ થયેલા ૨ જવાનોના મોત થઈ ગયા છે. અત્યાર સુધીની જાણકારી પ્રમાણે આ હુમલામાં જૈશનો હાથ છે. ગોળીબાર બાદ હથિયાર બંધ આતંકવાદી કારમાં સવાર થઈને ભાગી ગયા. કહેવામાં આવે છે કે ત્રણમાંથી ૨ પાકિસ્તાનના અને એક સ્થાનિક છે. આ પહેલા ગત શનિવારના પાકિસ્તાન તરફથી સંઘર્ષ વિરામનું ઉલ્લંઘન કરવામાં આવ્યું હતુ. પાકિસ્તાન તરફથી રાજૌરીના નૌશેરા સેક્ટરમાં ભારતીય સેનાની પોસ્ટને નિશાન બનાવતા ફાયરિંગ કરવામાં આવ્યું હતુ. આ ગોળીબારમાં એક જવાન શહીદ થઈ ગયો, જ્યારે બીજો ગંભીર રીતે ઘાયલ થઈ ગયો. આતંકવાદીઓને ઘૂસણખોરી કરાવવાના ઉદ્દેશથી પાકિસ્તાને આ વર્ષે અત્યાર સુધી ૪૧૩૭ વાર સીઝફાયરનું ઉલ્લંઘન કર્યુ છે. આ પહેલા જમ્મુ વિસ્તારમાં અનેક ઘટનાઓને આતંકવાદીઓએ અંજામ આપ્યો છે. ઉલ્લેખનીય છે કે ભારતીય સેનાએ ગુરુવારના જમ્મુ-કાશ્મીરના નગરોટા વિસ્તારમાં ટ્રકમાં છૂપાઈમાં જઈ રહેલા ચાર આતંકવાદીઓને ઠાર



માર્યા હતા. આ તમામ આતંકવાદીઓ જૈશ-એ-મોહમ્મદથી જોડાયેલા હતા. આ ભટના બાદ પાકિસ્તાન સતત ભારતીય સેનાને નિશાન બનાવવા ફાયરિંગ કરે છે.

# તમિલનાડુના કાંઠે નિવાર વાવાઝોડું ટકરાયું

**નિવાર વાવાઝોડું આગામી 3 કલાકમાં વધુ નબળું પડશે : પવન ફુંકાવાની સાથે ચેન્નઈ, કુડ્ડલોર, મહાબલીપુરમ સહિત શહેરોમાં વરસાદ પડ્યો, પુડુચેરીમાં પવન ફુંકાવાની સાથે જોરદાર વરસાદથી લોકો પરેશાન**

નવી દિલ્હી,તા.૨૬

ચક્રવાતી વાવાઝોડું નિવાર અડધી રાત બાદ તમિલનાડુ અને પુડુચેરીમાં દરિયાકાંઠે ટકરાયું છે. આ દરમિયાન ભારે વરસાદ પડ્યો. તેજ ગતિથી પવન ફુંકાવાની સાથે ચેન્નઈ, કુડ્ડલોર, મહાબલીપુરમ સહિત અનેક શહેરોમાં વરસાદ પડી રહ્યો છે. પુડુચેરીમાં પણ પવન ફુંકાવાની



સાથે જોરદાર વરસાદ પડી રહ્યો છે. આઈએમડીએ ગુરુવારે કહ્યું કે ભયંકર ચક્રવાતી વાવાઝોડું નિવાર ઉત્તર પશ્ચિમની દિશા તરફ આગળ વધશે અને આગામી ૩ કલાક દરમિયાન વાવાઝોડું નબળું પડશે. આઈએમડીએ પોતાના ટ્વીટર હેન્ડલ પર કહ્યું હતું કે, અત્યંત ભીષણ ચક્રવાતી વાવાઝોડું નિવાહ હજુ પુડુચેરીના પૂર્વ-દક્ષિણપૂર્વમાં લગભગ ૪૦ કિમી દૂર સ્થિત કુડ્ડાલોરથી ૫૦ કિમી પૂર્વ-દક્ષિણપૂર્વમાં છે. ચક્રવાતી વાવાઝોડું પહોંચવાની પ્રક્રિયા શરૂ થઈ ગઈ છે. આગામી ૩ કલાકમાં પુડુચેરીની નજીકના કાંઠાને પાર કરી જશે. આ પહેલા હવામાન વિભાગે કહ્યું કે નિવાર ચક્રવાતી વાવાઝોડાને ખૂબ વિકરાળ સ્વરૂપ

● અનુસંધાન પાન-૭ પર

# વન નેશન-વન ઈલેક્શન સમયની જરૂરિયાત છે : વડાપ્રધાન મોદી

**થોડા થોડા મહિનામાં ક્યાંક ને ક્યાંક ચૂંટણીઓ થતી જ હોય છે, આજનું ભારત નવી નીતિ-રીતી સાથે આતંકવાદનો સામનો કરી રહ્યું છે, બંધારણની ભાષા એવી છે જે દરેકને સમજમાં આવે, કોરોના કાળમાં જનતાએ મજબૂતાઈ બતાવી**

કેવડિયા, તા. ૨૬

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુરૂવારના રોજ સંવિધાન દિવસના અવસર પર કેવડિયામાં ચાલી રહેલા કાર્યક્રમને સંબોધિત કર્યો. પીએમ મોદીએ આ દરમ્યાન મુંબઈ હુમલામાં શહીદ થયેલા લોકોને



શ્રદ્ધાંજલિ પાઠવી અને કહ્યું કે આપણે એ જખ્મને કયારેય ભૂલી શકીશું નહીં. તેની સાથે જ પીએમ મોદીએ એક વખત ફરીથી દેશનું ધ્યાન વન નેશન-વન ઈલેકશનની તરફ ખેંચ્યું અને તેને સમયની જરૂરિયાત બતાવ્યું.

પીએમ મોદીએ કહ્યું કે ૨૦૦૮માં પાકિસ્તાનથી આવેલા આતંકીઓએ મુંબઈ પર હુમલો કર્યો હતો. આ હુમલામાં કેટલાંય લોકોના મોત થયા હતા. પીએમ મોદીએ કહ્યું કે આજનું ભારત નવી નીતિ-રીતિની સાથે આતંકવાદનો સામનો કરી રહ્યું છે.

પીએમ મોદીએ કહ્યું કે વન નેશન, વન ઈલેકશન આજે ભારતની જરૂરિયાત છે. દેશમાં દરેક મહિનામાં કયાંક ને કયાંક ચૂંટણીઓ થતી રહે છે, એવામાં તેના પર મંથન શરૂ થવું જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે હવે આપણે સંપૂર્ણપણે ડિજિટલકરણની તરફ આગળ વધી રહ્યા છીએ અને કાગળનો ઉપયોગ બંધ કરવો જોઈએ. આઝાદીના ૭૫ વર્ષને જોતા આપણે ખુદ ટાર્ગેટ નક્કી કરવો જોઈએ. પીએમ મોદીએ કહ્યું કે સંવિધાનની રક્ષામાં ન્યાયપાલિકાની ખૂબ મોટી ભૂમિકા છે. પીએમ બોલ્યા કે ૭૦ના દાયકામાં તેને ભંગ કરવાની કોશિષ કરાઈ. પરંતુ સંવિધાને જ તેનો જવાબ આપ્યો. ઈમરજન્સીના સમય બાદ સિસ્ટમ મજબૂત થતી ગઈ તેમાંથી આપણને ઘણું બધું શીખવા મળ્યું છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ કહ્યું કે દરેક નાગરિકે સંવિધાનને સમજવું જોઈએ અને તેના હિસાબથી ચાલવું જોઈએ. લોકોને કેવાયસી એટલે કે નો યોર કોન્સ્ટિટ્યુશન પર બળ આપવું જોઈએ. વિધાનસભાની ચર્ચાઓ દરમ્યાન જનભાગીદારી કેવી રીતે વધી તેના પર વિચાર કરવો જઈએ. જ્યારે ગૃહમાં કોઈ ખાસ વિષય પર ચર્ચા થાય તો તેની સાથે જોડાયેલા લોકોને બોલાવા જોઈએ.

# ભારત-ઓસ્ટ્રેલિયા વચ્ચે આજે સિડનીમાં વન-ડેમાં ટક્કર થશે

**આઠ માસ પછી ભારતીય ટીમ પ્રથમ વન-ડે રમશે**

સિડની, તા. ૨૬

કોરોના સમયગાળા પછી પહેલી આંતરરાષ્ટ્રીય મેચ રમનારી ટીમ ઈન્ડિયાનો સામનો કટ્ટર હરીફ ઓસ્ટ્રેલિયા સામે થશે. વિરાટ કોહલીની ટીમ શુક્રવારે સિડની ક્રિકેટ ગ્રાઉન્ડ પર પ્રથમ વનડે મેચમાં એરોન ફિન્ચ એન્ડ કંપની સામે રમશે ત્યારે પ્રવાસી ટીમમાં બહુ મહત્વનો ખેલાડી નહીં હોય. ભારતીય ટીમ ઓસ્ટ્રેલિયા સામેની વનડે સિરીઝમાં ઓપનર રોહિત શર્મા વિના રમશે, જે ઓસ્ટ્રેલિયામાં રમાયેલી છેલ્લી બે વનડે સિરીઝમાં સૌથી વધુ રન બનાવનાર બેટ્સમેન છે. આ પહેલા ભારતે છેલ્લી બે શ્રેણી ૨૦૧૬ અને ૨૦૧૮ માં ઓસ્ટ્રેલિયન ધરતી પર રમી હતી.

# આવતીકાલે વડાપ્રધાન મોદી આવશે ગુજરાત, કોરોના રસી અંગે કરી શકે છે મોટી જાહેરાત

અમદાવાદ,તા.૨૬

અમદાવાદમાં કોરોના વેક્સિનનું ટ્રાયલ શરૂ થતાં જ લોકોમાં આશાનું એક કિરણ જન્મ્યું છે. અને કરોડો લોકો ક્યારે વેક્સિન આવશે તેની આતુરતાથી રાહ જોઈ રહ્યા છે. અને સૌ કોઈ કાગડોળે બસ વેક્સિન આવવાની રાહ જોઈ રહ્યા છે. તેવામાં તમામ લોકો માટે એક ખુશખબર છે કે હવે ટૂંક સમયમાં જ કોરોના વેક્સિનનું એલાન થઈ શકે છે. તેવામાં એવી પણ સંભાવના છે કે, પીએમ મોદી ગુજરાત આવીને કોરોના રસીને લઈને મોટી જાહેરાત કરી શકે છે.

વડા પ્રધાન નરેન્દ્ર મોદી ૨૮મી નવેમ્બર એટલે કે શનિવારના રોજ ગુજરાતની મુલાકાતે આવશે. ગુજરાત પ્રવાસે આવીને પીએમ નરેન્દ્ર મોદી રાજ્યમાં કોરોનાની રસી બનાવતી ઝાયડસ ફાર્મા કંપનીની મુલાકાત કરશે. અને આ મુલાકાત દરમિયાન પાએમ મોદી ગુજરાતથી કોરોના રસી અંગે મોટી જાહેરાત કરી શકે છે તેવું પણ ચર્ચાઈ રહ્યું છે. વડા પ્રધાન મોદી અમદાવાદની ઝાયડસ કંપનીની મુલાકાત લઈને કોરોના વેક્સિનની કાર્યવાહી અંગેનું પણ નિરિક્ષણ કરશે.

હાલમાં ઝાયડસ દ્વારા ઝાયકોવ-ડી નામની વેક્સિનનું નિર્માણ કરવામાં આવી રહ્યું છે. વડાપ્રધાન મોદી ગુજરાતમાં